ગૃહ વિભાગ હેઠળની પોલીસ કચેરીઓ તથા પોલીસ સ્ટેશન/આઉટ પોસ્ટ/પોલીસ ચોકીના નિરીક્ષણ બાબત.

ગુજરાત સરકાર

ગૃહ વિભાગ

પરિપત્ર ક્રમાંક: મહક/૧૦૨૦૨૪/૩૬૨૧/સ

સચિવાલય, ગાંધીનગર.

તારીખ :- **As per E-Sign.**

વંચાણે લીધા :-

(૧) સામાન્ય વહીવટ વિભાગનો તા: ૨૦/૦૮/૧૯૮૭નો પરિપત્ર ક્ર. તપસ-૧૦૮૭-બાવેજા-(૭૯-૮૨-૮૪)—૫૩૮૪-વસુતાપ્ર-૫

(૨) સામાન્ય વહીવટ વિભાગનો તા: ૧૦/૧૦/૨૦૨૨નો પરિપત્ર ક્ર.કકપ/૧૦૨૦૨૨/૬૫૬//વસુતાપ્ર-૧

(૩) ગુજરાત પોલીસ મેન્યુઅલ - ૧૯૭૫, ભાગ-૩, પ્રકરણ-૧૨

પરિપત્ર :-

સામાન્ય વહીવટ વિભાગના વંચાણે લીધા (૨) તથા (૩)ના પરિપત્રોથી સચિવાલયના વહીવટી વિભાગો હસ્તકની ખાતાના વડાની કચેરીઓ તેમજ જિલ્લા અને તાબાની કચેરીઓના નિરીક્ષણ સબંધિત સુચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે તથા વંચાણે લીધા (૩)ના ગુજરાત પોલીસ મેન્યુઅલ-૧૯૭૫, ભાગ-૩, પ્રકરણ-૧૨ના સુચન નંબર ૫૬૯ થી ૫૮૩ થી વહીવટી વિભાગ, ખાતાના વડાની કચેરી, રેન્જ કચેરીઓ, પોલીસ કમિશનરની કચેરીઓ, જિલ્લા કચેરીઓ, પોલીસ સ્ટેશન તથા આઉટ પોસ્ટના નિરીક્ષણ બાબતે સુચનાઓ આપવામાં આવેલ છે. જે સુચનાઓ તથા સામાન્ય વહીવટ વિભાગના વંચાણે લીધેલ ઉક્ત પરિપત્રો ધ્યાને લઈ કચેરી નિરીક્ષણ એ ફક્ત ટીકા ટીપ્પણ ન બની રહેતા ભુલો સુધરે, વહીવટી કાર્ય સરળ અને સુગમ બની રહે, કામગીરીનું યોગ્ય મુલ્યાંકન થાય તેમજ સારા કાર્યની પ્રસંશા પણ થાય તેવા શુભ આશયથી વિભાગ હસ્તકની પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી તથા

પોલીસ ખાતાની અન્ય કચેરીઓ અને પોલીસ સ્ટેશન, આઉટ પોસ્ટ તથા પોલીસ ચોકીના નિરીક્ષણ સબંધમાં નીચેની સુચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે.

૧. ગૃહ વિભાગ તેમના તાબા હેઠળના ખાતાના વડા પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરીનું વર્ષમાં ૦૧ એક વાર નિરીક્ષણ કરશે તેમજ રેન્જ કચેરીઓ, પોલીસ અધીક્ષકશ્રીની કચેરીઓ, પોલીસ કમિશનરેટની કચેરીઓ સહિત તમામ પોલીસ કચેરીઓ, પોલીસ સ્ટેશન, આઉટ પોસ્ટ તથા પોલીસ ચોકીઓ પૈકી કોઈપણ એકનું ૦૩(ત્રણ) માસમાં એકવાર નિરીક્ષણ કરશે અને જરૂરી જણાયે આકસ્મિક નિરીક્ષણ પણ કરી શકશે.

૨. પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી રેન્જ તથા કમિશનરશ્રીની કચેરીનું વાર્ષિક નિરીક્ષણ કરશે અને રેન્જ કચેરીના નિરીક્ષણ દરમ્યાન રેન્જ કચેરીએ કરેલ જિલ્લાઓની કચેરીઓના વાર્ષિક નિરીક્ષણની નોંધ ઉપર પણ અભ્યાસ કરવાનો રહેશે.

૩. રેન્જની કચેરી દ્વારા પોલીસ અધીક્ષકશ્રીની કચેરીઓનું વાર્ષિક નિરીક્ષણ કરવાનું રહેશે તથા સબંધિત પોલીસ સ્ટેશનો તથા આઉટ પોસ્ટ/પોલીસ ચોકીનું અગત્યતા ધ્યાને લઈ સ્વૈચ્છિક નિરીક્ષણ કરવાનું રહેશે.

૩ (૧). દરેક રેન્જના વડાશ્રીઓએ તેમના વાર્ષિક નિરીક્ષણ માટેનો કાર્યક્રમ વર્ષની શરૂઆતમાં તૈયાર કરીને **DGP**શ્રીની કચેરીની મંજૂરી માટે મોકલી આપવાનો રહેશે અને મળેલ મંજુરી અનુસાર નિરીક્ષણની કામગીરી સમય-મર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.

૩(૨). આ નિરીક્ષણ કાર્યક્રમમાં સબંધિત તમામ પોલીસ અધીક્ષકશ્રીની કચેરીઓનો સમાવેશ થાય તે રીતે તૈયાર કરવાનો રહેશે.

૩(૩). આ નિરીક્ષણ દરમિયાન શહેરી અને ગ્રામ્ય પોલીસ સ્ટેશન/પોલીસ ચોકી/આઉટ પોસ્ટની મુલાકાતનો સમાવેશ કરવાનો રહેશે.

૩(૪). આ નિરીક્ષણના સમયગાળા દરમિયાન જ તપાસણી નોંધના વાંચનની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

૩(૫). દરેક રેન્જના વડાશ્રીઓએ તેમના નિયંત્રણ હેઠળની કચેરીઓનો વાર્ષિક નિરીક્ષણનો અહેવાલ **DGP**શ્રીની કચેરીને મોકલી આપવાનો રહેશે.

૪. પોલીસ કમિશનરશ્રીની કચેરીઓ દ્વારા તેમના હસ્તકની ઝોન, ડીવીઝનલ, સબ

ડીવીઝનલ, એસ.ડી.પી.ઓ. તથા અન્ય કચેરીઓનુ નિરીક્ષણ કરવાનુ રહેશે. ઉપરાત તેમના હસ્તકના પોલીસ સ્ટેશનો/આઉટ પોસ્ટો પૈકી અગત્યતા ધ્યાને લઈ સ્વૈચ્છિક નિરીક્ષણ કરવાનું રહેશે.

૪ (૧). દરેક પોલીસ કમિશનરશ્રીઓએ તેમનો વાર્ષિક નિરીક્ષણ માટેનો કાર્યક્રમ વર્ષની શરૂઆતમાં તૈયાર કરીને DGPશ્રીની કચેરીની મંજૂરી માટે મોકલી આપવાનો રહેશે અને મળેલ મંજુરી અનુસાર નિરીક્ષણની કામગીરી સમય-મર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.

૪ (૨). આ નિરીક્ષણ કાર્યક્રમમાં તેમને સબંધિત કચેરીઓનો મહદંશે સમાવેશ થાય તે રીતે તૈયાર કરવાનો રહેશે.

૪ (૩). આ નિરીક્ષણ દરમિયાન તેમના પોલીસ સ્ટેશન/પોલીસ ચોકી/આઉટ પોસ્ટની મુલાકાતનો સમાવેશ કરવાનો રહેશે.

૪ (૪). આ નિરીક્ષણના સમયગાળા દરમિયાન જ તપાસણી નોંધના વાંચનની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

૪(૫). દરેક પોલીસ કમિશનરશ્રીની કચેરીએ તેમના નિયંત્રણ હેઠળની કચેરીઓનો વાર્ષિક નિરીક્ષણનો અહેવાલ DGPશ્રીની કચેરીને મોકલી આપવાનો રહેશે.

૫. જિલ્લા કચેરી(પોલીસ અધીક્ષકશ્રીની કચેરી)ઓ દ્વારા તેમના હસ્તકની કચેરીઓનું નિરીક્ષણ કરવાનું રહેશે. ઉપરાંત તેમના હસ્તકના પોલીસ સ્ટેશનો/આઉટ પોસ્ટો પૈકી અગત્યતા ધ્યાને લઈ સ્વૈચ્છિક નિરીક્ષણ કરવાનું રહેશે.

૫ (૧). દરેક પોલીસ અધીક્ષકશ્રી અને વિભાગીય પોલીસ અધિકારીશ્રીઓએ તેમનો વાર્ષિક નિરીક્ષણ કાર્યક્રમ રેન્જના વડાશ્રી પાસે અગાઉથી મંજૂર કરાવી લેવાનો રહેશે અને મળેલ મંજુરી અનુસાર નિરીક્ષણની કામગીરી સમય-મર્યાદામાં પુર્ણ કરવાની રહેશે.

૫ (૨). પોલીસ અધીક્ષકશ્રી અને વિભાગીય પોલીસ અધિકારીશ્રીના નિરીક્ષણમાં અંતર રહે તે રીતે નિરીક્ષણ કાર્યક્રમ તૈયાર કરવાનો રહેશે.

૫ (૩). નિરીક્ષણ દરમિયાન પોલીસ સ્ટેશનની સાથે સાથે આઉટ પોસ્ટોનું પણ નિરીક્ષણ થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

૫ (૪). નિરીક્ષણના સમયગાળા દરમિયાન જ તપાસણી નોંધના વાંચનની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

૫ (૫). દરેક પોલીસ અધીક્ષકશ્રીની કચેરીએ તેમના નિયંત્રણ હેઠળની કચેરીઓનો વાર્ષિક નિરીક્ષણનો અહેવાલ રેન્જ વડાશ્રીની કચેરીને મોકલી આપવાનો રહેશે.

૬. ડીસ્ટ્રીક્ટ મેજીસ્ટ્રેટની કચેરી અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી તેમના જિલ્લાની પોલીસ કચેરીઓનું તથા પોલીસ સ્ટેશન અને આઉટ પોસ્ટનું નિરીક્ષણ કરશે.

૭. પોલીસ કમિશનરશ્રી તથા પોલીસ અધીક્ષકશ્રીના તાબા હેઠળની કચેરીઓ સબંધિત પોલીસ સ્ટેશનો તથા આઉટ પોસ્ટો/પોલીસ ચોકીઓ (પોલીસ કમિશનરશ્રી તથા પોલીસ અધીક્ષકશ્રી તથા રેન્જની કચેરીઓએ નિરીક્ષણ ન કર્યા હોય તેવા) નું નિરીક્ષણ કરશે અને તેનો અહેવાલ પોલીસ કમિશનરશ્રી/પોલીસ અધીક્ષકશ્રીને સોંપશે.

૮. પોલીસ ઈન્સ્પેક્ટર તેના તાબા હેઠળની દરેક આઉટ પોસ્ટ/પોલીસ ચોકીની સમયાંતરે મુલાકાત લેવાની રહેશે અને તેનો અહેવાલ ઉપરી અધીકારીશ્રીને સોંપવાનો રહેશે.

૯. મુખ્ય હિસાબી અધિકારી હેડ ક્વાર્ટરની કચેરીની જરૂરિયાત અનુસાર મુલાકાત લેશે અને ડે બુક ચેક કરશે તથા હેડ ક્વાર્ટર એકાઉન્ટનું ઓડીટ કરશે.

૧૦. આ પરિપત્રને ધ્યાને લઈ તથા ગુજરાત પોલીસ મેન્યુઅલ-૧૯૭૫, ભાગ-૩, પ્રકરણ-૧૨ તથા સરકારશ્રીની નીરીક્ષણ અંગેની પ્રવર્તમાન સૂચનાઓ/ઠરાવો/પરિપત્રોને ધ્યાને લઈ આ સિવાયની જરૂર જણાયે વિગતવાર સુચનાઓ પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરીએ પ્રસિદ્ધ કરવાની રહેશે.

૧૧. ઉપરોક્ત સૂચનાઓનું પાલન થાય તે દરેક કચેરીએ સુનિશ્ચિત કરવાનું રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે ,

( અનિતા ઝુલા)
નાયબ સચિવ,
ગૃહ વિભાગ.

પ્રતિ,

- માનનીય રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર(પત્ર દ્વારા).
- માન. મુખ્ય મંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી/સચિવશ્રી, મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ

સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

- માન. નાયબ મુખ્યમંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ)ના રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (કર્મચારી ગણ)ના અંગત સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(એ.આર.ટી.ડી.- એન.આર.આઈ.), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(ગૃહ), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- તમામ જિલ્લાના કલેકટરશ્રી
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, હથિયારી એકમો, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- પોલીસ મહાનિરીક્ષકશ્રી (વહીવટ), ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- તમામ રેન્જ પોલીસ મહનિરીક્ષકશ્રી/નાયબ મહાનિરીક્ષકશ્રીઓ
- તમામ પોલીસ કમિશનરશ્રી/તમામ પોલીસ અધીક્ષકશ્રીઓ
- તમામ સેનાપતિશ્રીઓ, રાજ્ય અનામત પોલીસ દળ, ગુજરાત રાજ્ય.
- સેકશન અધિકારીશ્રી, આઈ.ટી. શાખા, ગૃહ વિભાગ.
- શાખા સિલેકટ ફાઇલ

Validity unknown
Signed by:ANITA P [illegible]
Deputy Secretary
Date:2026.02.20
17:36:57 +5:30